# શહેરમાં છવાયું ધુમ્મસ : પારો ૧૦ ડિગ્રીએ

## શીત લહેરના પગલે લઘુત્તમ તાપમાનનો પારો બે ડિગ્રી ગગડયો : જો કે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨.૫ ડિગ્રી સુધી વધ્યું

ગાંધીનગર, તા.૬
ગાંધીનગરમાં શિયાળાની ઋતુ બરાબર જામી છે અને સવારના સમયે કડકડતી ઠંડી સાથે ધુમ્મસ પણ જોવા મળી રહ્યું છે. આજે સવારે વાતાવરણમાં ધુમ્મસનું પ્રમાણ વધુ હોવાને કારણે વાહનચાલકોને પરેશાનીનો ભોગ બનવું પડયું હતું. બીજી તરફ ઠંડીમાં પણ લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સુધી પહોંચી જવાથી ફરી એકવાર ઠંડીની તીવ્રતાએ નાગરિકોને ધ્રુજાવ્યા હતા. દિવસ દરમિયાન શહેરમાં પવનની હાજરી પણ સતત રહેવા પામી હતી.

આજે વહેલી સવારથી ધુમ્મસનું પ્રમાણ દરરોજ કરતાં થોડું વિશેષ જોવા મળ્યું હતું અને ખાસ કરીને ખુલ્લા માર્ગો, બાગ-બગીચા, ખેતરો તથા સેકટરોના ખુલ્લા પ્લોટ વગેરે સ્થળે ધુમ્મસ વધુ જોવા મળ્યું હતું. ધુમ્મસના કારણે માર્ગો પર લાંબા અંતરના વિઝનમાં તકલીફ પડી હતી. જેના કારણે સવારના સમયે વાહનચાલકોએ ઘણી સાવધાની રાખવી પડી હતી. ખુલ્લામાં પાર્ક કરેલા વાહનો પણ ઠાર પડવાને કારણે ભીના થઈ ગયા હતા અને બાગ બગીચાઓમાં ઘાસ પણ ભીનું થઈ ગયું હોવાથી મોર્નિંગ વોકર્સ તથા સવારે યોગ-પ્રાણાયામ કે વ્યાયામ કરતા નાગરિકોને પોતાની રોજીંદી લોનની જગ્યા બદલવાની ફરજ પડી હતી.

આજે શહેરમાં મહત્તમ તાપમાન ૨૮.૫ ડિગ્રી સે. નોંધાયું હતું જયારે લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સે. રહ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૭૮ ટકા જેટલું નોંધાયું હતું જે સાંજે ૪૯ ટકા સુધી રહેવા પામ્યું હતું.

શહેરમાં સવારના સમયે ધુમ્મસના કારણે ભારે વાહનો જયાંથી પસાર થાય છે તેવા માર્ગો જેવા કે 'ક' રોડ, 'જ' રોડ, ધોળાકુવા રક્ષાશકિત સર્કલથી સરગાસણ ચાર રસ્તા સુધીનો માર્ગ અને એસજી હાઈવે વગેરે પર વાહનચાલકોએ ખૂબ તકેદારી રાખવી પડી રહી છે અને આ સમયે અકસ્માત થવાના જોખમમાં પણ વધારે થયેલો જણાઈ રહ્યો છે.



### દિવસ-રાતના તાપમાનમાં વિષમતા વધી...!!

શહેરમાં છેલ્લા ત્રણ દિવસમાં મહત્તમ તાપમાન અને લઘુત્તમ તાપમાન વચ્ચેનો તફાવત વધવા પામ્યો છે. સોમવારે દિવસનું મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સે. નોંધાયું હતું તે બુધવારે ૨.૫ ડિગ્રી જેટલો વધારો થયો છે અને દિવસનું મહત્તમ તાપમાન ૨૮.૫ ડિગ્રી પહોંચી ગયું છે જયારે રાત્રીના સમયે નોંધાતું લઘુત્તમ તાપમાન સોમવારે ૧૨ ડિગ્રી સે. હતું તે ૨ ડિગ્રી જેટલું ઘટીને ૧૦ ડિગ્રી સે. સુધી આવી ગયું છે. માત્ર ત્રણ જ દિવસમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચેનો ગેપ ૧૪ ડિગ્રીથી વધીને ૧૮.૫ ડિગ્રી થઈ ગયો છે તેથી દિવસે સ્વેટર-ટોપી કાઢી નાંખવા પડે છે પરંતુ સાંજથી માંડીને સવાર સુધી ગરમ વસ્ત્રો વગર રહેવું મુશ્કેલ બની રહ્યું છે.

### ખૂણેખાંચરેથી

- વિસર્જીત જિલ્લા પંચાયતના પાંચ જેટલા પૂર્વ સદસ્યો આજે ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરીમાં મુલાકાતી તરીકે આવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લામાં નવા અમલી બનેલા સેન્ડગ્રેબીંગ એકટ અંગે નવ જેટલી ફરિયાદો જિલ્લાતંત્રને મળી છે.
- ગાંધીનગર મનપામાં આજે પલ્સ પોલિયો અભિયાનની ટાસ્ક ફોર્સની બેઠક મ્યુનિ. કમિશનરના અધ્યક્ષપદે મળશે.
- સનદી અધિકારીઓની બદલી હવે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ અને વિધાનસભાના અંદાજપત્ર બાદ થશે.
- કરાઈ પોલીસ એકેડમી ખાતે આજે ૧૩મો દિક્ષાંત સમારોહ રાજય ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં યોજાશે. આ સમારોહમાં અધિક મુખ્ય સચિવ પંકજકુમાર તથા રાજયના પોલીસ મહાનિર્દેશક આશિષ ભાટિયા પણ ખાસ ઉપસ્થિત રહેનાર છે.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે આજે ડીજીટલ સેવાસેતુ અંગે ખાસ બેઠક યોજવામાં આવી હતી.
- ગાંધીનગર જિલ્લાની ૧૪ ખાનગી અને ૪ સરકારી કોવિડ હોસ્પિટલો તેમજ બધા જ પી.એચ.સી. અને સી.એચ.સી. પર ફાયર સેફ્ટી અંગેની ખાસ મોકડ્રીલ યોજવામાં આવી હતી.

# કોરોના સામેના જંગમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવનાર કર્મયોગીઓનું સન્માન કરાયુ

## ગાંધીનગરના મેયર રીટાબેન દ્વારા જિલ્લા વહીવટીતંત્ર અને કર્મચારીઓનું અભિયાન

ગાંધીનગર, તા. ૬
ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં કોરોનાની મહાબિમારી દરમ્યાન પોતાનું કર્તવ્ય પૂરી નિષ્ઠાથી અદા કરનાર અધિકારી અને કર્મયોગીઓનું આજરોજ ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરીને સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યનું પણ ખાસ સન્માન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલે જણાવ્યું હતું કે કોરોનાની મહાબિમારી અચાનક આવી હતી. આ બિમારીનું સક્રમણ કેવી રીતે અટકાવવું, કેવી રીતે તેની સારવાર કરવી જેવી અનેક બાબતોથી આપણે સૌ અજાણ હતા. પરંતુ તજજ્ઞો દ્વારા સરકારને આપવામાં આવેલી ગાઈડ લાઈન અનુસાર કામ કરતાં આપણે ભારત જેવા વધુ વસ્તી ધરાવતા દેશમાં સુચારું રીતે કોરોનાનું સંક્રમણ અટકાવવામાં સફળ રહ્યાં છીએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગાંધીનગર શહેરી વિસ્તારમાં વસ્તી ગીચતા ઓછી, લોકોમાં જાગૃતિ અને વાતાવરણ પણ સારું હોવાથી કોરોનાના કેસો અન્ય શહેર કરતા પ્રમાણમાં ઓછા હતા. પરંતુ દિવાળી બાદ સંક્રમણની સંખ્યામાં વધારો થયો હતો. પણ આપ જેવા કર્તવ્યનિષ્ઠ કર્મયોગીઓના સહયોગ થકી તેને પણ આપણે કાબુમાં લઈ શક્યા છીએ.



જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લાના તમામ કચેરીઓના અધિકારી અને કર્મયોગીઓએ પોતાને સોપાયેલ ફરજની ભૂમિકા ખૂબ ઉમદા રીતે અદા કરી છે. ફરજ દરમ્યાન તેમણે પોતાના પરિવારની ચિંતા કરી નથી. પરંતુ આ મહાબિમારીમાં પોતાને સોપાયેલ કામગીરીને પ્રાધાન્ય આપ્યું છે. ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલ દ્વારા આવા કર્મયોગીઓનું સન્માન કરીને તેમની કામગીરીની કદર કરી તેની સાથે સાથે તેમને પોતાની ફરજ અદા કરવાનું આત્મબળ આપ્યું છે.



આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલના હસ્તે નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા, ગાંધીનગર પ્રાંત અધિકારી જે.એમ. ભોરણિયા, મામલતદાર એમ.ડી. પટેલ સહિત ગાંધીનગર કલેકટર કચેરીના કર્મયોગી સર્વે કે.વી. રાવ, મેધા રબારી, આર.એમ. રબારી, વિશાલ રાવલ, વિષ્ણુભાઈ રથવી, કે.વી. વાઢેર, મેહુલ નાડિયા, રણછોડજી ઠાકોર અને હોમગાર્ડના કર્મનિષ્ઠ સર્વે પી.આર. પરમાર, એસ.એસ. ઠાકોર, જે.એન. ગઢવી, કે.એસ. નાડિયા, એમ.આઈ. શેખનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

## બીએસએનએલ કટ પાસે કારની ટકકરે બાઈકચાલકને ઈજા

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર બીએસએનએલ કટ પાસે કારની ટકકરે એનડીઆરએફનો જવાનને ઈજા પહોંચી છે. માર્ગ પર પટકાતા જવાનને માથાના ભાગે તેમજ શરીરે ઈજા પહોંચી હોવાથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે. ઈજાગ્રસ્તના ભાઈએ કાર ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પ્રવિણસિંહ બારડે નોંધાવેલી ફરીયાદ મુજબ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના ઘોડીયાલ ગામના છે અને અભ્યાસ કરે છે. જયારે ફરીયાદીના મોટાભાઈ ચંદનસિંહ જેઠાજી બારડ સેકટર-૧૭ ખાતે પરિવાર સાથે રહે છે અને ચિલોડા એનડીઆરએફમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. નોકરી પર આવન જાવન માટે તેઓ બાઈક નં.જી.જે.૮.બી.ડી.-૨૩૦૩ નો ઉપયોગ કરે છે. ફરીયાદી તા.૪ ના રોજ ઘરે હાજર હતા તે સમયે રાત્રીના આશરે નવ વાગ્યાના સુમારે મારા કુટુંબીભાઈ પૃથ્વીરાજસિંહ ઉદયસિંહ રાજપુત નો ફોન આવ્યો હતો અને જણાવ્યું કે તમારા મોટાભાઈ ચંદનસિંહ બારડ ચાર વાગ્યાના અરસામાં બાઈક નં.જી.જે.૦૮.બી.ડી.-૨૩૦૩ લઈને ચ-૩ થી ચ-૪ તરફ જઈ રહ્યા હતા તે સમયે સેકટર-૧૧ બીએસએનએલ કટ પાસે કાર નં.જી.જે.૨૭. ડી.બી. ૫૮૮૯ ના ચાલકે બાઈકને ટકકર મારી અકસ્માત સર્જયો હતો.

## ચિલોડા-સાદરા જતા માર્ગ પરથી ચાઈનીઝ ૧૮૦ ફીરકી દોરી ઝડપાઈ

ગાંધીનગર, તા.૬
ચિલોડા પોલીસે ચિલોડા-સાદરા માર્ગ પર લારીમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટીકની ચાઈનીઝ દોરીની ૧૮૦ ફીરકી ઝડપી પાડી છે. પોલીસે રૂ.૧૮ હજારની ફીરકીનો જથ્થો જપ્ત કરી વેપારી સામે જાહેરનામા ભંગના ગુના હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઉતરાયણના પર્વને અનુલક્ષી જિલ્લામાં ચાઈનીઝ દોરીના વેચાણ કરતા વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા જાહેરનામુ બહાર પાડ્યું છે. જેથી ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે ફરતા ફરતા ચિલોડા સર્કલ આવતા ખાનગી રાહે બાતમી મળી હતી કે ચિલોડા-સાદરા જતા માર્ગ પર શાકભાજીની લારી ચલાવતો શખ્સ પોતાની લારી પર ચાઈનીઝ દોરીનો જથ્થો વેચાણ માટે રાખ્યો છે. જયારે હાલમાં ચાઈનીઝ દોરી અને બનાવટ તેમજ વેચાણ પર પ્રતિબંધ છે. જયારે ચાઈનીઝ દોરીના ઉપયોગથી કોઈ મોટી દુર્ઘટના અથવા જાનહાનીનો બનાવ બની શકે છે. જાહેર સલામતી અને સુરક્ષા માટે પણ ઝોખમી છે. પર્યાવરણ અને પશુ પક્ષી સહિત માનવોની જીંદગી પણ જોખમાય તેમ છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા એક શખ્સ લારી પર હાજર હતો. પોલીસે યુવકને તેનુ નામ પુછતા તેણે રાજુજી બાબુજી ઠાકોર (ઉં.૩૦ રહે.શિહોલી મોટી દાદાવાળો વાસ) જણાવ્યું હતું. પોલીસે લારીમાં તપાસ કરતા ત્રણ ખાખી કલરના પુંઠાવાળા બોક્ષ મળી આવ્યા હતા. જેમાં તપાસ કરતા ૧૮૦ ચાઈનીઝ દોરીની ફીરકી પોલીસને મળી આવી હતી. પોલીસે રૂ.૧૮ હજારની ૧૮૦ ચાઈનીઝ દોરીની ફીરકી કબ્જે કરી તપાસ માટે મોકલી આપી શખ્સ સામે જાહેરનામા ભંગ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



### યશોદા એવોર્ડ જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે એનાયત કરાયા

તાલુકાકક્ષાનો માતા યશોદા એવોર્ડ વર્ષ-૨૦૧૮-૧૯નું આપવાનું આજરોજ ગાંધીનગરમાં કરવામાં આવેલ જેમાં ગાંધીનગર તાલુકાના ઘટક-૧ અને ૨ ના બે આંગણવાડી કાર્યકર અને બે તેડાગરને જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાન, જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી જિતેન્દ્ર વદર તથા નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જહાન્વી પટેલ તથા જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રીમતિ મીનલબેન વાળાના વરદ હસ્તે ઘટક-૧ ગામ જમિયતપુરાની આંગણવાડીના કાર્યકર પટેલ કાજલબેન હિરનભાઈ તથા આંગણવાડી તેડાગર પ્રજાપતિ દમયંતિબેન દશરથભાઈ અને ઘટક-૨ ના લેકાવાડા ગામના આંગણવાડી કાર્યકર ચતુર્વેદી મમતાબેન લલીતભાઈ તથા તેડાગર પ્રકાશબેન શૈલેન્દ્રસિંહને અધિકારીઓના વરદહસ્તે માતા યશોદા એવોર્ડ, મોમેન્ટો અને ચેક આપવામાં આવ્યા હતા. એવોર્ડમાં મોમેન્ટો પ્રમાણપત્ર અને કાર્યકરોને રૂ. ૨૧,૦૦૦ અને તેડાગરને રૂ. ૧૧,૦૦૦ ચેકો આપવામાં આવેલ. કાર્યક્રમ દરમિયાન જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી દ્વારા એવોર્ડ વિજેતા બહેનોને વધુ સારી કામગીરી કરવા પ્રોત્સાહન આપેલ અને કરેલ કામગીરી બદલ અભિનંદન પાઠવેલ. સમગ્ર કાર્યક્રમ દરમિયાન આઈસીડીએસ કચેરીના તમામ સ્ટાફે તથા ઘટકના બાળ વિકાસ યોજના અધિકારીઓ અને મુખ્ય સેવિકાઓએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## મધર ટેરેસા ગોલ્ડ મેડલથી ભરત ઠક્કર સન્માનિત

ગાંધીનગર, તા. ૬
ગ્લોબલ ઈકોનોમીક પ્રોગ્રેસ એન્ડ રિચર્સ એસોસિએશન નવી દિલ્હી દ્વારા ભારત રત્ન મધર ટેરેસા ગોલ્ડ મેડલ એવોર્ડ માટે ભરતભાઈ એન. ઠક્કરની પસંદગી કરવામાં આવી છે.

મકાઈની ખેતીને સરળ અને લોકપ્રિય બનાવવામાં તેમનુ પ્રદાન અનોખુ રહ્યુ છે. ઠક્કર હાલ કૃષિ સંશોધન કેન્દ્ર સણસોલી (આણંદ કૃષિ યુનિ.) ખાતે આસિ. પ્રોફેસર તરીકે ફરજો બજાવે છે. આ અગાઉ તેઓ ગોધરા ખાતે ફરજો બજાવતા હતા. તેમના સંશોધન પત્રો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પ્રકાશિત થયેલા છે. મકાઈની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ, વર્મીકમ્પોઝ્ડ બનાવવાની પદ્ધતિની સરળ રીત પણ તેમના દ્વારા લખવામાં આવેલા લેખો છે.




**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા**
**વર્ષ - ૨૦૨૦-૨૦૨૧**
**ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લી.**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલોપમેન્ટ લી. દ્વારા નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કરવાના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટે.નં. | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| GSCDL-RPF INFRA-1-2020/21 | Madification and New Construction of 6 Nos. of School Building in Gandhinagar Municipal Corporation Area, Gandhinagar | 18,000/- | 27,15,730/- |

ટેન્ડર ફોર્મ તા. ૭/૧/૨૦૨૧થી તા. ૫/૨/૨૦૨૧ સુધી સમય ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ : www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે. પ્રિ-બીડ મીટીંગ તા. ૧૯/૧/૨૦૨૧ના રોજ રાખવામાં આવેલ છે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોકયુમેન્ટ ઓનલાઈન ઈલેકટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી www.nprocure.com પર મોકલવાના રહેશે. ટેકનિકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફટ CEO, Gandhinagar Smart City Development Ltd.ના નામે તા. ૧૩/૨/૨૦૨૧ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ ઓફર ઓપનીંગ તા. ૧૫/૨/૨૦૨૧ના રોજ ૧૧:૦૦ કલાકે કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. : ૭/૧/૨૦૨૧
માહિતી/૧૬૬૯/૨૦-૨૧

સહી/-
મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર અને ચેરમેન
ગાંધીનગર સ્માર્ટ સીટી ડેવલોપમેન્ટ લીમીટેડ



**ગુજરાત સરકાર**
**મહેસુલ વિભાગ**
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૯/૧૨/૨૦૨૦

(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)) જીલ્લો : મહેસાણા
ક્રમાંક : અમ-૨૦૨૦-૭૬૨-મ-જમક-૧૭૨૦૨૦-૪૦૫-ઘ

રાજય સરકારને જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલી સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ જમીનોની 'ધરોઈ એક્ષ્ટેન્ડેડ કમાન્ડની જંત્રાલ પ્રશાખાની સાંકળ ૦ થી ૮૩૦ મી. વચ્ચે'ની જમીન જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની જોગવાઈ હેઠલ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો શંભવ છે.

સદરહુ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓની આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હકત કરવી નહી, આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરશ્રીની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા સદરહુ જમીનોની નિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨૨ હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુક્ત જાહેર હેતુ માટે જરૂર છે, તો સદરહુ અધિનિયમની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતું કર્યું હોય તો હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

તારીખ ૧૨ ઓગસ્ટ ૨૦૧૬ના રાજય સરકારના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક એક્સ્ટ્રા આર્ડિનરી ગેઝેટ ભાગ-૪, ગુજરાત એક્ટ નં. ૨૦૧૬નો ૧૨મો, સાથે વાંચતા જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩જી હેઠળ ગુજરાત સરકાર સદરહુ જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કલેકટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેકટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગરને વિજાપુર તાલુકો માટે જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે.

જમીનના પ્લાનનું નિરીક્ષણ નાયબ કલેકટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી, હિંમતનગરની કચેરીએ કામકાજના કોઈપણ દિવસે કચેરી સમય દરમિયાન કરી શકાશે.

સંપાદન બાબતે હિત ધરાવતી વ્યક્તિને જો કોઈ વાંધાઓ હોય તો આ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખની ૬૦ (સાઠ) દિવસમાં કલમ-૧૫ની જોગવાઈઓ મુજબ નાયબ કલેકટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગરને રજૂ કરવાના રહેશે.

**અનુસૂચિ** જિલ્લા : મહેસાણા તા.: વિજાપુર ગામ : જંત્રાલ

| અ.નં. | નવો સર્વે નંબર | સંપાદિત થતી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|
| ૧ | ૧૬૦૧ | ૦-૧૧-૭૧ |
| | ૧૬૫૮ | ૦-૦૪-૮૨ |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
(એચ. જે. રાઠોડ)
સરકારના ઉપસચિવ

નામાનિ/હિંમત/૪૪૫/૨૦૨૧



**નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં.-૦૫ વર્ષ ૨૦૨૦-૨૦૨૧**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮ (ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬)ની કચેરી દ્વારા ગુજરાત રાજયના માર્ગ અને મકાન વિભાગ તેમજ નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી બે કામો માટે ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ. ૭૪.૭૦ લાખથી ર. ૧૧૪.૦૩ લાખ સુધીની છે.

(૧) ટેન્ડરના દસ્તાવેજો વેબસાઈટ www.nwr.nprocure.com ઉપરથી તા. ૧૧/૧/૨૦૨૧ થી તા. ૩૧/૧/૨૦૨૧ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે.
(૨) ઓ એન્ડ એમના કામની પ્રી-બીડ મિટીંગ તા. ૧૮/૧/૨૦૧૧ના રોજ 'અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, સુજલામ સુફલામ વર્તુળ-૧, સ્ટેટ વૉટર ડેટા સેન્ડર બિલ્ડીંગ, સેકટર-૮, ગાંધીનગર' ખાતે બપોરના ૧૨:૦૦ કલાકે રાખેલ છે.
(૩) ટેન્ડર ડોક્યુમેન્ટ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ ટેન્ડર ફી, સોલવંશી ઓછામાં ઓછી ટેન્ડર રકમના ૨૦% કેલેન્ડર વર્ષ-૨૦૨૧ની અને ઈ.એમ.ડી. (ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તારીખથી ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની કાર્યપાલક ઈજનેર, કાંસ વિભાગ, ગાંધીનગરના નામની અવશ્ય જોડવી) રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટ/કુરીયરથી તા. ૧/૨/૨૦૨૧ થી તા. ૫/૨/૨૦૨૧ સમય ૧૬.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.
(૪) ઓનલાઈન બીડ ઓપનીંગ તા. ૬/૨/૨૦૨૧ના રોજ ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે. (જો શક્ય હશે તો) (ફક્ત ક્વોલીફાય થયેલ બીડરો માટે).
વધુ માહિતી વેબસાઈટ www.nwr.nprocure.com પરથી મેળવી શકાશે. કવર પર કામનું નામ તથા ટેન્ડર આઈ.ડી. અવશ્ય લખવાનો રહેશે.

માહિતી/૧૬૭૯/૨૦-૨૧



**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
'ગુજરાત સરકારનું સાહસ'
**જાહેર નિવિદા નંબર-૫ સને.૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, બીજો માળ, જલ ભવન, નવા સર્કિટ હાઉસ પાસે, બાયપાસ રોડ, મોતીપુરા, હિંમતનગર મોબાઈલ નં. ૯૯૭૮૪૦૬૫૭૭ દ્વારા નીચેના કામ માટે ટેન્ડર દસ્તાવેજમાં જણાવેલ પાત્રતા ધરાવનાર પાસેથી ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી સાબરકાંઠા જિલ્લામાં નીચે જણાવેલ તાલુકાઓમાં આવેલ હયાત કાર્યરત હેન્ડપંપની મરામત અને નિભાવણી માટે બાર (૧૨) માસની મુદતના ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ : ૨૦/૧/૨૦૨૧ના ૧૮.૦૦ કલાક છે.

| અ. નં. | તાલુકાઓની વિગત | અંદાજીત કિંમત રૂ. લાખમાં | ટેન્ડર આઈડી નં. રૂપિયા | ટેન્ડર ફી ઈએમડી રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | પોશીના તાલુકા | ૧૪.૬૨ | ૪૪૨૮૨૯ | ૯૦૦.૦૦<br>૧૪૬૨૫.૦૦ |
| ૨ | વિજયનગર તાલુકા | ૧૧.૧૦ | ૪૪૨૮૩૧ | ૯૦૦.૦૦<br>૧૧૧૦૦.૦૦ |
| ૩ | હિંમતનગર પ્રાંતિજ/ઈડર/તલોદ અને વડાલી તાલુકા | ૧૧.૧૬ | ૪૪૨૮૨૪ | ૯૦૦.૦૦<br>૧૧૫૦૦.૦૦ |
| ૪ | ખેડબ્રહ્મા તાલુકા | ૮.૭૪ | ૪૪૨૮૨૭ | ૯૦૦.૦૦<br>૮૭૪૦.૦૦ |

એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ www.statetenders.com અને www.gwssb.nprocure.com તથા www.gwssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. હવે પછીનો કોઈપણ સુધારો ફક્ત વેબસાઈટ પર જોવા મળશે. ગ્રામ્ય પા.પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો.

નામાનિ/હિંમત/૪૩૯/૨૦૨૧